ક્રિમીનલ કેસ નંબર.: ૫૨૦/૨૦૦૦

# આંક–૧ નીચે હુકમ

........................................................................

વિ.એ.પી.પી.શ્રીની વિડ્રો પુરસીસ વંચાણે લીધી તથા મહે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદનાએ તેમના તારીખ. ૧૨/૧૨/૧૯ ના હુકમ ક્રમાંક ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ ડોરમેન્ટ કેસપરત/૨૦૧૯ થી આવેલ પત્રને વંચાણે લીધો સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ કૈીસ પરત ખેચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ અંગે વિ.એ.પી.પી.શ્રીએ સદરહુ આંકવાળી અરજી રજુ કરી હાલનો કેસ પરત ખેચવા માગતા હોવાનુ જાહેર કરી અરજી કરેલ છે અને પરત ખેચતા હોવાનુ જાહેર કરેલ છે. વધુમા જણાવે છે કે આ કેસ ડોરમેન્ટ કેસ છે. અને ધણા લાંબા સમયથી કોર્ટમા પેન્ડીગ છે અને આ કેસમા આરોપી લાબા સમયથી મળી આવતા નથી અને ભવીષ્યમા મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સીવાય પેન્ડીગ રહેલ છે તેથી તથા આ કેસ નજીવી સજાનેપાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાણાની વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમા પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમા પેન્ડીગ ફોજદારી કેસોનુ ભારણ ઓછુ થાય તે માટે જાહેર હીતમા તથા ન્યાયના હિતમા વિ.એ.પી.પી.શ્રીએ આ કેસ પરત ખેચવા હોવાનુ જાહેર કરેલ છે રજુઆત તથા તારણો જોતા આ કેસ પરત ખેચવા સંમતી આપી આ કેસ વિડ્રોથી ફેસલ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમા જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

આથી ક્રિ.પ્રો.કો.કલમ ૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેચવા સંમતી આપી આ કેસ વિડ્રોઅલથી ફેસલ કરવામા આવે છે. અને આરોપીને આ કેસમા જણાવેલ ગુનામાથી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

૧. મુદામાલ/બિનકીંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૨. મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી હોય તો અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરવી.

૩. પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોપવામા આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ માલીકને/ફરિયાદીને ઓળખની ખાતરી કરી પરત આપવો.

હુકમ આજરોજ સ્પે.સીટીંગ અદાલતમા વાચી સંભળાવી જાહેર કર્યો

તારીખ.: ૧૪/૧૨/૧૯

( આર.બી.ઈટાલીયા)
એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ